ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# ફુલોની ખેતીમાં ઉત્પાદન ત્રણ હજાર કરોડ ગાંધીનગર જિલ્લો ગલગોટામાં બીજા ક્રમે

**(વિશેષ પ્રતિનિધિ)** ગાંધીનગર, તા.૧૨

ગુજરાતના કિસાનો હવે સુગંધિત ફુલોની ખેતીમાં વળ્યાં છે.

ગુજરાતનું પાટનગર ધરાવતા ગાંધીનગર જિલ્લામાં



આકર્ષાયા છે. ફુલોનું આંતરરાષ્ટ્રીય બજાર મેળવવા સુરતના હીરાના વેપારીઓએ પણ ગ્રીનહાઉસ બનાવીને કટ ફ્લાવરનો બિઝનેસ શરૂ કર્યો છે. ફુલોની કિંમતમાં થઈ રહેલો વધારો અને તુરત રોકડા રૂપિયા તેનું મુખ્ય કારણ છે. સૌથી વધારે આવક રળી આપતા કટ ફ્લાવર તરફ ખેડૂતો

### ફુલોમાં ગુજરાતના ટોપ ફાઈવ ઉત્પાદક જિલ્લા

**ગુલાબ :** આણંદ, ખેડા, વડોદરા, ભરૂચ, અમદાવાદ.
**ગલગોટા :** વડોદરા, ગાંધીનગર, નવસારી, ભરૂચ, ખેડા.
**મોગરો :** અમદાવાદ, ભરૂચ, ખેડા, વડોદરા, દાહોદ
**લીલી :** નવસારી, આણંદ, વલસાડ, ખેડા, અમદાવાદ.
ગુજરાતના બાગાયત

## ગુજરાતમાં બાગાયત ખેતીના ઉત્પાદનમાં ૩૭૭ ટકા વધારો

**(વિશેષ પ્રતિનિધિ)** ગાંધીનગર, તા.૧૨

ગુજરાતમાં બાગાયતી પાકોના ઉત્પાદનમાં છેલ્લા ૧૦ વર્ષમાં ૩૭૭ ટકાનો વધારો નોંધાયો છે, ખાસ કરીને શાકભાજી અને ફળોમાં નોંધપાત્ર અને મબલખ પાક મળ્યો છે. ફુલોમાં તો ગાંધીનગર સહિત રાજ્યના ૧૨ જિલ્લાએ કમાલ કરી બતાવી છે.

**રાજ્યમાં ૭૦૦ ગ્રીન હાઉસ અને ૧૫૦૦ નેટ હાઉસમાં ખેતી ૧૪.૦૪ લાખ હેક્ટરમાં ૧૮૦.૧૬ લાખ મેટ્રીક ટન ઉત્પાદન**

૧૯૯૧માં બાગાયત વિભાગની રચના કરવામાં આવી ત્યારે ફળ, શાકભાજી, ફુલો અને મસાલા પાકોનું ઉત્પાદન ૩૭.૭૨ લાખ મેટ્રીક ટન હતું. એ સમયે વાવેતર વિસ્તાર માત્ર ૩.૩૭ લાખ હેક્ટરમાં હતો. આજે ઉત્પાદનનો આંકડો ૧૮૦.૧૬ લાખ મેટ્રીક ટન થયો છે અને વાવેતર વિસ્તાર વધીને ૧૪.૦૪ લાખ હેક્ટર નોંધવામાં આવ્યો છે. વિશ્વમાં ડુંગળીની ઉત્પાદકતામાં ગુજરાત અગ્રેસર છે. રાજ્યની કેસર કેરી અને કચ્છી ખારેકની સમગ્ર વિશ્વમાં માંગ છે. રાજ્ય વરિયાળીના ઉત્પાદનમાં દેશમાં પ્રથમ નંબરે છે. વડોદરા જિલ્લાના માછીપુરા ગામના પ્રભાતભાઈ માછીએ ટીસ્યુ કલ્ચર અને ટપક સિંચાઈનો ઉપયોગ કરીને પ્રતિ હેક્ટરે ૧૦૩ મેટ્રીક ટન કેળાંનું ઉત્પાદન કરી ઉત્પાદકતા અને ગુણવત્તામાં રાષ્ટ્રીયકક્ષાએ એવોર્ડ મેળવ્યો છે. રાજ્યમાં ૭૦૦ ગ્રીન હાઉસ અને ૧૫૦૦ નેટહાઉસ અસ્તિત્વ ધરાવે છે.



ગલગોટાનું વિક્રમી ઉત્પાદન થાય છે. ગલગોટામાં રાજ્યભરમાં

● અનુસંધાન પાન-૭ પર

# સેક્ટર-૨૧ શોપીંગ સેન્ટર વિસ્તારમાં છેલ્લા અઠવાડિયાથી વીજળીના ભારે ધાંધિયા

**શૈક્ષણિક સામગ્રી ખરીદવા વાલીઓ-વિદ્યાર્થીઓની ભારે ભીડ જામે છે ત્યારે જ વીજળીની સતત આવન-જાવન વચ્ચે ગ્રાહકો અને દુકાનદારો બંને ભારે ગરમીમાં હેરાન થાય છે**


ગાંધીનગર, તા. ૧૨

શહેરના મુખ્ય શોપીંગ સેન્ટર વિસ્તાર સેકટર-૨૧માં છેલ્લા અઠવાડિયાથી વીજળીના ભારે ધાંધીયા છે. અસહ્ય ગરમી અને ભારે બફારા વચ્ચે દિવસ ત્રણથી ચાર વાર વીજળી ડુલ થઈ જતાં સૌ ગરમીમાં હેરાન પરેશાન થઈ રહ્યા છે. એક અઠવાડિયાથી આ જ પરિસ્થિતિ હોવા છતાં ક્યાં ફોલ્ટ છે તે શોધી શકાયું નથી.

સેકટર-૨૧ શોપીંગ સેન્ટર વિસ્તારના વેપારીઓ છેલ્લા એક અઠવાડિયાથી ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. છેલ્લા ઘણા દિવસોથી આ વિસ્તારમાં વારંવાર વીજળી જતી રહે છે. આ અંગે ટોરેન્ટ પાવર કંપનીને વેપારીઓએ અનેકવાર ફરિયાદ કરી છે પરંતુ ક્યાં ફોલ્ટ છે તે શોધી શકાયું નથી. જેના પરિણામે દિવસમાં ત્રણ-ચાર વાર અડધા-અડધા કલાક સુધી વીજળી ડુલ થઈ જાય છે.

વરસાદ બાદ બફારો ખુબ વધ્યો છે ત્યારે વારંવાર વીજળી ચાલી જતા વેપારીઓને હેરાન થવું પડે છે એટલું જ નહીં ખરીદી માટે આવતા ગ્રાહકો પણ પરસેવે નવાઈ જતા હોય છે. હમણાં જ નવું શૈક્ષણિક સત્ર શરૂ થયું જેના પરિણામે સેકટર-૨૧ શોપીંગ સેન્ટર વિસ્તારમાં ગણવેશ અને શૈક્ષણિક સામગ્રી ખરીદવા ભારે ભીડ જામે છે. આવા સમયે અવારનવાર વીજળી ડુલ થઈ જતા ગ્રાહકો કંટાળી જાય છે. છેલ્લા એક અઠવાડિયાથી આ જ પરિસ્થિતિ હોવાથી દુકાનદારો કંટાળી ગયા છે.





પ્રકૃતિ માનવ પર મહેરબાન નથી થઈ ગઈ, એટલે ડામરના રસ્તા વચ્ચે આ છોડ ઊગ્યો છે એવું રખે માનતા. હકીકત તો એ છે કે ઘ-૫ સર્કલ પાસે રસ્તામાં એક ખાડો પડ્યો છે, જે ભયજનક જણાતાં કોઈ વાહનચાલક અકસ્માતનો ભોગ ન બને તે માટે કોઈ સેવાભાવીએ ખાડામાં આ ડાળખી મૂકી દીધી છે. **(તસવીર : દિપક જાની)**

# જીઈબી કોલોનીમાં વધુ 3 નવા કેસ ઝાડાના મળ્યા

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર શહેરના સીમાડે આવેલ જીઈબી કોલોનીમાં આજે પણ વધુ ૩ જેટલા ઝાડાના કેસ નોંધાયા હતા. જો કે જીઈબી સત્તાવાળાઓએ તેમનો સ્થાનિક સપ્લાય બંધ કરી શહેરને અપાતા કોમન સપ્લાયનો જ ઉપીયોગ કરવાનો મહત્વનો નિર્ણય લીધો છે.

જિલ્લા તંત્ર દ્વારા આજે બીજે દિવસે પણ ત્યાં સર્વેલન્સની કામગીરી ચાલુ રાખી હતી. આજે પાણીના નમુના વાસ્મોની મદદથી મેળવી અને તેની ગુણવત્તા ચકાસણી માટે મોકલી આપવામાં આવ્યા છે. આજે તંત્રએ પણ કેટલાક સ્થળોએથી પાણીના નમુના લઈ અને સ્થળ પર જ પરીક્ષણ કરી ક્લોરીનેશન ચકાસ્યુ હતુ. પાણીના નમુનાઓમાં પુરતા પ્રમાણમાં ક્લોરીનેશન થયેલું જણાઈ આવ્યું હતું.

જીઈબી સત્તાવાળાઓએ તેમના સ્થાનિક સપ્લાયને હાલ પુરતો સ્થગિત કરવાનો નિર્ણય પણ લીધો છે. ગાંધીનગર જીઈબી કોલોનીમાં શહેરના કોમન સપ્લાયમાંથી હાલ ૧૦ એમ.એલ.ડી. દરરોજ પાણીનો જથ્થો ફાળવવામાં આવે છે તે જ ચાલુ રાખવાનો નિર્ણય પણ લેવામાં આવ્યો છે.

જીઈબી કોલોનીમાં ૨૫ જેટલા કેસ ગઈકાલે મળી આવ્યા હતા આજે વધુ ૩ કેસ મળ્યા હતા. આરોગ્યતંત્રના સૂત્રોએ જણાવ્યું છે કે પરિસ્થિતિ ઝડપથી પૂર્વવત થઈ રહી છે અને એકાદ દિવસમાં તે સર્વેલન્સ સહિતની કામગીરી સંપન્ન કરી દેશે.

# સૅક્ટર-૬ અને ૭ના વિસ્તારોમાં છેલ્લાં બે વર્ષ દરમ્યાન ૬૦૦ ગૅરકાયદે ઝૂંપડાં વધ્યાં

**(કુંતલ નિમાવત દ્વારા)**

ગાંધીનગર, તા. ૧૨

સરકારી તંત્ર સમક્ષ અનેકવાર રજૂઆતો કરવા છતાં પરિણામ શૂન્ય આવતાં પોતાના ઘર સામેથી જાતે જ ઝૂંપડાં હટાવનારા સૅક્ટર-૬ના યુવાન કશ્યપ નિમાવત ઉપર ઝૂંપડપટ્ટીવાળાઓના હૂમલાની ઘટના ધીરે-ધીરે ઘેરો રંગ પકડી રહી છે. અનેક સંસ્થાઓ, વસાહતીઓ આ ઘટનાને વખોડી રહ્યા છે અને યુવાનને સમર્થન આપી રહ્યા છે. ગંદકી, અપશબ્દો, અનૈતિક પ્રવૃત્તિઓ, શોરબકોર અને ચોરી-ચપાટી જેવાં દૂષણો તો આ ઝૂંપડપટ્ટીઓની દેન હતાં જ, પરંતુ હવે એમાં દાદાગીરીના દૂષણનો પણ સમાવેશ થયો છે એવો અહેસાસ વસાહતીઓને થયો છે, પોતાની સલામતી હવે એમને જોખમાતી લાગી છે ને એથી હવે વસાહતીઓ હરકતમાં આવ્યા છે. આ કારણે આગામી દિવસોમાં ઝૂંપડપટ્ટીની સામે સ્થાનિક વસાહતીઓની લડાઈ સમાચારમાં રહેશે એ નિશ્ચિત છે.

ઉલ્લેખનીય છે કે સૅક્ટર-૬ અને ૭ના વિસ્તારોમાં છેલ્લાં ૨ વર્ષમાં ૬૦૦થી વધારે પરિવારો ગૅરકાયદેસર રીતે રહેવા આવ્યા છે! (એટલે કે ૩ હજારથી વધુ લોકો!) આ સઘળા પરિવારો શ્રમિક પરિવારો છે. ગૅરકાયદેસર ઝૂંપડાં બાંધીને કે માત્ર ખુલ્લી જગ્યામાં સૂઈ જઈને અહીં જ નિવાસ કરવાનો આગ્રહ આ પરિવારો એટલા માટે રાખે છે કે સૅક્ટર-૬ એ ખાતે શ્રમિક બજાર ભરાય છે. મતલબ કે દરરોજ સવારે શહેરભરના શ્રમિકો અને કૉન્ટ્રાક્ટર્સ પણ આ સ્થળે એકત્ર થાય છે, એમાં સામાન્ય શ્રમિકો, શીખાઉ શ્રમિકો અને વિશિષ્ટ લાયકાત ધરાવતા શ્રમિકો પણ ખરા. એ સૌને અહીંથી જ પોતાનું દૈનિક કામ મળી જાય છે. આ કારણે આ જગ્યાથી દૂર રહેવા પણ કોઈ શ્રમિક તૈયાર નથી. સૌને ઘ-૨ વિસ્તારની આસપાસ જ રહેવું છે, ક્યાંક દૂર નહીં. સમસ્યા અહીંથી જ શરૂ થઈ છે. છેલ્લાં પાંચ વર્ષમાં ન્યૂ ગાંધીનગરમાં નવાં બાંધકામોની સંખ્યા પણ રૉકેટ ગતિએ આગળ વધી છે. આ કારણે વધુ ને વધુ શ્રમિકોની જરૂરિયાત ઊભી થઈ છે. એક શ્રમિક પરિવારને અહીં કામ મળતું થયું એટલે એના ગામના બીજા દસ પરિવારોને લઈને એ અહીં આવે છે ને એ પરિવારોનેય નાનાં-મોટાં કામ અહીં મળવા લાગે છે. કામ ન મળે એવા દિવસોમાં ભીખ માંગીને, આસપાસનાં ઘરોમાં કામ કરીને કે નાની-મોટી ઊઠાંતરી, ચોરી-ચપાટી કરીનેય શ્રમિકો અહીં ટકી રહે છે.

પરંતુ, આ કારણે એક ઘણી જ મોટી સમસ્યા ઊભી થઈ છે. ખુલ્લામાં રહેતાં, ન્હાતાં અને હાજતે જતાં આ બે હજારથી પણ વધુ પરિવારોને કારણે સૅક્ટર-૬ અને ૭ની હાલત દયાજનક થઈ ગઈ છે. આજે

● અનુસંધાન પાન-૭ પર

## ખૂણે ખાંચરેથી

● જિલ્લા કલેક્ટર શ્રી પી. સ્વરૂપના અધ્યક્ષસ્થાને આજે આયોજન મંડળની કાર્યવાહક સમિતિની બેઠક મળી હતી જેમાં જિલ્લાકક્ષાના આયોજનની દરખાસ્તો તૈયાર કરાઈ હતી. ● આજે અમદાવાદ ખાતે યોજાયેલ કાઉન્સીલરોની પાઠશાળામાં ૪ થી ૫ કાઉન્સીલરોની ગેરહાજરી સ્પષ્ટ દેખાઈ આવતી હતી. ● આગામી ગુરૂવારથી શરૂ થઈ રહેલ શાળા પ્રવેશોત્સવના કાર્યક્રમને આખરી ઓપ આપવાની કવાયત પૂરજોશમાં ચાલી રહી છે.

# પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરીના કારકૂન લાંચ લેતા ઝડપાયા

## શિક્ષકની બદલી માટે ૫૦ હજારની માગણી કરી હતી : એ.સી.બી.એ ૨૫ હજાર લેતા રંગેહાથ ઝડપ્યા

ગાંધીનગર, તા. ૧૨

શિક્ષકની બદલી કરવા રૂ. ૨૫ હજારની લાંચ લેતા પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરીના કારકૂનને એ.સી.બી.એ આજે રંગેહાથ ઝડપી લીધા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર ગોધરા પાસે સ્થિત થીમ્બા ગામના વતની અને નજીકના છાપરીયા ગામમાં આવેલ પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા મહેન્દ્ર કાળીદાસ પટેલની બદલી કરવા જૂના સચિવાલયમાં બ્લોક નં. ૧૨માં સ્થિત પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરીના શ્રેયાન કારકુને રૂ. ૫૦ હજારની માંગણી કરી હતી. પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરીમાં કારકૂન તરીકે

● અનુસંધાન પાન-૭ પર

## નોટીસ

સાંચા કામ સબબે તારીખ ૧૫-૬-૧૨, શુક્રવારના રોજ સવારના ૧૦-૦૦ કલાકથી સાંજના ૫-૦૦ કલાક સુધી નીચે જણાવેલ વિસ્તારનો વીજ પુરવઠો બંધ રહેશે જેની માનવંતા ગ્રાહકોએ નોંધ લેવા વિનંતી તકલીફ બદલ ક્ષમા કરશો.

૧. સેક્ટર-૮/એ, S/S
૨. સેક્ટર-૮, વાલ્મી S/S

સહી/-
ટોરેન્ટ પાવર લિમીટેડ

## જોઈએ છે શિક્ષક - ક્લાર્ક

પ્રગતિ મંડળ, વાવોલ સંચાલિત સ્વનિર્ભર પ્રા. શાળા શ્રીમતી એમ. ડી. શાહ પ્રા. વિદ્યાલય, વાવોલ માટેની લાયકાત ધરાવતા શિક્ષક - ક્લાર્ક જોઈએ છે.

**લાયકાત :** B.Sc., B.Ed.
ગણિત, વિજ્ઞાન - મ.શિ.-૧
B.Com. - ક્લાર્ક - ૧

રસ ધરાવતા ઉમેદવારોએ લાયકાત તથા અનુભવના અસલ પ્રમાણપત્રો, પ્રમાણિત નકલો તથા સ્વહસ્તાક્ષરમાં કરેલ અરજી સાથે રૂબરૂ નીચેના સરનામે, સ્થળે, તારીખે અને સમયે હાજર રહેવું.

- સરનામું : મંત્રીશ્રી, પ્રગતિ મંડળ, વાવોલ, તા. જી. ગાંધીનગર
- સ્થળ : શ્રી એમ.બી. પટેલ સાર્વ. વિદ્યાલય, વાવોલ, તા.જી.ગાંધીનગર
- તારીખ : ૨૧-૬-૨૦૧૨ને ગુરૂવાર
- સમય : સવારે ૯-૦૦ કલાકે




**Stockiest List - Gandhinagar Dist.** **S. P. : N. M. Enterprise Gandhinagar - 99099 41892**

| Customer Name | City | Mobile No. | Customer Name | City | Mobile No. |
|---|---|---|---|---|---|
| SHREE BRAHMANI TRADERS | ADALAJ | 97236 61259 | MAN ENTERPRISE | KUDASAN | 94270 21817 |
| SHREE PRAMUKH TRADERS | ALAMPUR | 98255 77299 | SHIVSHAKTI TRADERS | LEKAVADA | 99091 82726 |
| SANJAR SALES | BAHIYAL | 98794 09003 | BRAHMANI TRADING COMPANY | LIMBODARA | 99984 90278 |
| SHRI JALARAM TRADERS | CHANDRALA | 98983 10599 | AVADHOOT TRADERS | MAGODI | 9898790407 |
| MITA ENTERPRISES | CHHALA | 98988 01021 | SIDHESHWARI CEMENT DEPO | MUBRAKPUR | 94290 63823 |
| AESHVI ENTERPRISE | CHILODA | 99253 74003 | VIJAY TRADERS | PALAJ | 99040 81428 |
| UMIYA PLYWOOD | CHILODA | 99250 31083 | SHREE LAXMINARAYAN TRADING CO. | PETHAPUR | 99789 12064 |
| HET TRADERS | DABHODA | 81410 17688 | GURUKRUPA TRADERS | RAKHIAL | 96011 94730 |
| SHRI RAJ TRADERS | DEHGAM | 99748 54284 | PATEL KAMLESH DAHAYABHAI | RANDHEJA | 98242 81435 |
| DEV TRADER & BUILDING MATERIAL | DEHGAM | 99259 58281 | AMRUTLALA NATHALALSHAH | SADRA | 94284 15202 |
| DHANLAXMI STEEL TRADERS | GANDHINAGAR | 97260 42556 | HETAL TRADERS | SHERTHA | 99984 66457 |
| JAY BHAVNI TRADERS | GANDHINAGAR | 99987 44955 | YOGESHWAR TRADERS | VALAD | 97376 81797 |
| JAY VISAT PIPE TRADERS | GANDHINAGAR | 94284 07632 | SHREE BHAVANI TRADERS | VAVOL | 99247 40778 |
| DALWADI BUILDING MATERIAL SUPP. | GANDHINAGAR | 98981 92761 | SHRI MAHAKALI TRADERS | ZAK | 98258 96111 |
| BHAGWATI MARKETING | GANDHINAGAR | 99250 17137 | **Company Markteing Staff :** | | |
| SHREE GANESH STEEL CORPORATION | GANDHINAGAR | 98986 11879 | **Kartikey Vyas** | | **98796 05116** |
| BRAHMANI TRADERS | KOBA | 99245 06106 | **Kinshuk Dave** | | **83475 57002** |




BENELAVE KisaN TMT BARS - ISI TATA STEEL • PIPES • SHEETS ashirvad C. PVC, UPVC

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com